# નિવેદન

૧૯૮૮ માં સંસ્કૃત સાથે બી.એ. કર્યા પછી એચ.કે.આર્ટ્સ કોલેજમાંથી જ ૧૯૯૧ માં કૌટિલ્ય અર્થશાસ્ત્ર સાથે એમ.એ.ની ડિગ્રી લીધી. ત્યાર પછી તરત જ માલવણ આર્ટ્સ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયો. પ્રિ. આર.આર.શાહ સાહેબની સતત પ્રેરણા હોવા છતાં આગળ અધ્યયન કરવાનું શક્ય બન્યું ન હતું, છતાં તેમણે મુકેલા વિચારબીજનું સંવર્ધન મનોમન થતું રહ્યું. મને વેદાન્ત વિષયમાં અભિરૂચિ હોવાથી તે માટે વિષય અને માર્ગદર્શકની સતત શોધ ચાલતી હતી. ડૉ. નિરંજનભાઈ પી. પટેલની મુલાકાત થતાં મેં મારો વિચાર રજૂ કર્યો. અને વિષયો અંગે વિચાર કરતાં શ્રી રામાનુજાચાર્યના વેદાન્તદીપનું અધ્યયન કરવા જણાવ્યું તેમણે જણાવ્યું કે શ્રીભાષ્યમાં ખંડનમંડનની પ્રવૃત્તિ છે. પરંતુ 'વેદાન્તદીપ' રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતનું શુદ્ધ સ્વરૂપે દર્શન કરાવે છે.

આ ગ્રન્થ મેળવવા માટે ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાત યુનિવર્સિટી, હંસા મહેતા લાઈબ્રેરી, ભો.જે. વિદ્યાભવન, ઓરિયન્ટલ ઈન્સ્ટીટ્યુટ, વડોદરા વગેરે સ્થળોએ પ્રયત્ન કર્યો. ક્યાંક અડધીપડધી સફળતા પણ મળી અંતે વેદાન્તદીપ મળતા મેં તેનું અધ્યયન શરૂ કર્યું. પરંતુ ગહન વિષય અને રામાનુજાચાર્યની ભાષ્યોચિત ભાષાને કારણે ડગલે ને પગલે સમજવામાં મુશ્કેલી જણાઈ. આ માટે મેં ડૉ. એલ.વી.જોષી, ડૉ. વિજય પંડ્યા ડૉ. ડી.જી.વેદિયા સાહેબ વગેરે આદરણીય ગુરુજનોનો સંપર્ક સાધ્યો. જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં વિષયને સમજવા મારા માર્ગદર્શક ઉપરાંત આ ગુરુજનોએ મને સહાય કરી છે. અંતે આ કાર્ય સંપન્ન થયું. સમગ્ર અધ્યયન માટે તત્ત્વજ્ઞાનના ઈતિહાસ અને વાર્ષિક વિચારધારાઓનું અધ્યયન પણ ઉપકારક બન્યું. શ્રી સંપ્રદાય વિશે મારા જ્ઞાનમાં વૃદ્ધિ થઈ અને સારી એવી સમજ કેળવાઈ. અન્ય આચાર્યો કરતાં રામાનુજાચાર્યનું સમાજ તરફ અભિમુખ વલણ તેમના જીવનદર્શનમાં જોવા મળ્યું. તેમણે રચેલા વેદાન્તસાર ને હું પ્રાપ્ત કરી શક્યો નથી. નહીં તો તેમણે લાઘવથી બ્રહ્મસૂત્રોની સમજ આપી છે તેનો ખ્યાલ આવી શકત. વેદાન્તદીપમાં પ્રયોજાયેલા ઉપનિષદ વાક્યો મારા આધ્યાત્મિક જીવનને માર્ગદર્શકરૂપ બની રહેશે તેવી મને શ્રદ્ધા છે.

આ કાર્યમાં પ્રાચ્યવિદ્યા મંદિરના નિયામક ડૉ. મુકુન્દભાઈ વાડેકર સાહેબે વેદાન્તદીપની પ્રાપ્તિ કરાવી આપી, અને અધ્યયનના માર્ગે પ્રથમ સોપાન પર લાવી મુક્યો હતો. ગુજરાત વિદ્યાપીઠની લાઈબ્રેરીના કર્મચારીગણે પૂરતો સહકાર આપ્યો છે. તેને હું સાભાર નોંધ લઉં છું. ભો.જે. વિદ્યાભવનના શ્રી પ્રવિણસિંહ અને શ્રી હર્ષદભાઈ બંનેએ મને પોતિકાપણાનો અનુભવ કરાવ્યો છે. ડૉ. ડી.જી.વેદિયાએ મને હરેક પ્રકરણમાં જરૂરી સુચનો કરીને અધ્યયનની સીડી ચઢવામાં સફળતા અપાવી છે. મારા ગાઈડ ડૉ. નિરંજનભાઈ પી. પટેલ પણ આ

કાર્યમાં દરેક સપ્તાહે અને પંદર દિવસે મને જાગૃત કરતા રહ્યા છે. અન્યથા મારું આ કાર્ય સંપન્ન થયું ન હોત. તેમનું આશ્વાસન અને પ્રોત્સાહન મારા માટે ચીરસ્મરણીય રહેશે.

મારા મિત્ર પ્રા. કે.એ.પટેલ અને પ્રિ.શ્રી. સી.એમ.પટેલ તથા મારી વર્તમાન કૉલેજના પ્રિ. ડૉ. મનોજભાઈ પટેલ વગેરે મિત્રોએ મને વખતોવખત પ્રોત્સાહિત કર્યો છે. વચ્ચે માલવણ કૉલેજમાંથી ફાજલ થઈને નડિયાદ કૉલેજમાં જોડાવવાનું થયું ત્યારે થોડી હતાશા પણ પ્રવર્તી, પણ પ્રિ. મનોજ પટેલના પ્રોત્સાહને મને પુનઃ જાગૃત કર્યો છે.

પરિવારના સભ્યોના સહકાર સિવાય ક્યારેય આવા ગહન વિષયનો અધ્યયન થઈ શકે નહીં. મારી પત્ની હંસાનો સદાય સહકાર મને મળતો રહ્યો છે. મારા બંને બાળકો અક્ષત અને કૃતાન્તને વિષયની ગહનતા અને અધ્યયનની કઠિનતાથી અજ્ઞાત હોવા છતાં વિષય અંગે સામાન્ય પ્રશ્નો અને પીએચ.ડી. ડિગ્રી માટે અવારનવાર કરેલી પૃચ્છા મારા ઉત્સાહને સતત દ્વિગુણીત કરતા રહ્યાં છે.

માતાપિતાના સુભાષિશ આશીર્વાદ આ સાથે હોય જ. મારા દિવંગત પિતા સંસ્કૃતાનુરાગી અને અભ્યાસી હોવા સાથે આધ્યાત્મિકતાને વરેલાં હતાં. તેમના સંસ્કાર અને આશીર્વાદથી આ કાર્ય સંપન્ન થયું છે. માતાનું વાત્સલ્ય અને મમતા તથા ભાઈઓનો સ્નેહાર્દ સંગ મને આ કાર્ય માટે બળ આપતા રહ્યાં છે.

મારા આ કાર્યમાં થયેલો વિલંબ જીવનમાં આવેલા વમળો છે. બાકી મારું આ કાર્ય કોમ્પ્યુટરમાં સમયસર અને સુઘળ રીતે કરી આપવા બદલ શ્રી કેયુરભાઈ ભટ્ટ તથા તેમના સહાયકોનો ઉલ્લેખ આ સ્થળે ન કરું તો નગુણો ગણાઉં.

પુનઃ આ સાથે સૌ મિત્રો, શુભેચ્છકો અને ગુરુજનોનો હૃદયપૂર્વક આભાર માનું છું. મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ વિષયમાં મદદ કરનાર સૌ સ્નેહીજનોનો આભાર માનું છું. સરદાર પટેલ યુનિવર્સિટીએ મને આ વિષયમાં અધ્યયન કરવાની પરવાનગી આપી તે માટે અને આ યુનિવર્સિટીના તમામ વહીવટી કર્મચારીઓનો સદભાવભર્યો વ્યવહાર સતત મારી સાથે રહ્યો છે. યુનિવર્સિટીનો હું અત્રે હૃદયપૂર્વક આભાર માનું છું.

**તા.** **પ્રા. હેમન્ત વી. વૈષ્ણવ**

**સ્થળ :**

# અનુક્રમણિકા


- પ્રમાણપત્ર i
- નિવેદન ii-iii
- અનુક્રમણિકા iv

| ક્રમ | | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| 1. | પૂર્વભૂમિકા | | 1-7 |
| 2. | પ્રકરણ - 1 | શ્રીરામાનુજાચાર્યનું જીવન, સમય, કવન | 8-79 |
| 3. | પ્રકરણ - 2 | શ્રી સંપ્રદાય અને તેની પરંપરા | 80-145 |
| 4. | પ્રકરણ - 3 | શ્રી વેદાન્તદીપમાં નિરૂપિત બ્રહ્મનું સ્વરૂપ | 146-375 |
| 5. | પ્રકરણ - 4 | સાંખ્યાદિ મતોનું ખંડન | 376-545 |
| 6. | પ્રકરણ - 5 | વેદાન્તદીપને મતે બ્રહ્મોપાસના અને તેનાં પ્રકારો | 546-673 |
| 7. | પ્રકરણ - 6 | વેદાન્તદીપમાં નિરૂપિત મોક્ષનું સ્વરૂપ | 674-728 |
| 8. | પ્રકરણ - 7 | શ્રીરામાનુજાચાર્યનું પ્રદાન | 729-737 |
| 9. | પ્રકરણ - 8 | ઉપસંહાર અને તારણો | 738-749 |
| 10. | પરિશિષ્ટ-1 | અધ્યાય - પાદ, અધિકરણ પ્રમાણે સૂત્ર સંખ્યા | 750-755 |
| 11. | પરિશિષ્ટ-2 | અધિકરણ પ્રમાણે - અકારાદિ ક્રમે સૂત્રસૂચિ | 756-796 |
| 12. | પરિશિષ્ટ-3 | વેદાન્તદીપમાં પ્રયોજાયેલ ઉપનિષદ વાક્યો | 797-824 |
| 13. | સંદર્ભગ્રન્થસૂચિ | | 825-835 |

ॐ श्री

# પૂર્વભૂમિકા

दर्शन શબ્દ दृश् (दशिर् प्रेक्षणे) ધાતુને ल्युट् પ્રત્યય લાગવાથી બન્યો છે. दृश्यते अनेन इति दर्शनम् જેના દ્વારા જોવાય તે દર્શન. આચાર્ય પાણિનિએ ल्युट् પ્રત્યયનો પ્રયોગ ભાવ, करण અને अधिकरण એમ ત્રણ અર્થમાં કર્યો છે. આમાંથી અહીં ભાવ શુધ્ધ ધાતુના અર્થમાં પ્રયોજાયો છે. આ રીતે જોતા વિદ્યા, જ્ઞાન કે ઉપકરણ દ્વારા વિષય, વસ્તુ ને જોઈ શકાય કે જાણી શકાય તે દર્શન છે. આમ, દર્શન તત્વજ્ઞાન કે તત્વ-સાક્ષાત્કારને સિદ્ધ કરવાનુ સાધન છે.

જ્યારથી મનુષ્ય જીવન અસ્તિત્વમાં આવ્યુ છે ત્યારથી મનુષ્યને કેટલાંક સનાતન પ્રશ્નો અંગે જિજ્ઞાસા રહી છે. આ જગત શું છે ? હું કોણ છું ? આ જગતનાં પરિણામ પાછળ ની શક્તિ કઈ છે ? જેવા અત્યંત ગૂઢ અને સનાતન પ્રશ્નોની વિચારણામાંથી દર્શનોનો આવિર્ભાવ થયો છે. ત્રિવિધ તાપથી સંતપ્ત મનુષ્યે શાન્તિ મેળવવા અને દુઃખપૂર્ણ સંસારમાંથી આત્યન્તિક નિવૃતિ મેળવવા જે વિચારપ્રક્રિયા આરંભી તેમાંથી દર્શન શાસ્ત્રો અસ્તિત્ત્વમાં આવ્યા. આ દર્શનોનું મૂળ વેદ છે. એટલે વેદને પ્રમાણ માનનારા દર્શનો 'આસ્તિક દર્શનો' અને વેદને પ્રમાણ નહીં માનનારા દર્શનો 'નાસ્તિક દર્શનો' તરીકે ઓળખાય છે. ભારતીય પરંપરામાં આવા નવ દર્શનો છે. જે નીચે મુજબ છે.

1. સાંખ્યદર્શન - કપિલમુનિ - સાંખ્યસૂત્ર
2. યોગદર્શન - પતંજલિમુનિ - યોગસૂત્ર
3. ન્યાયદર્શન - ગૌતમમુનિ - ન્યાયસૂત્ર
4. વૈશેષિક દર્શન - કણાદમુનિ - વૈશેષિકસૂત્ર

5. પૂર્વમીમાંસાદર્શન-જૈમિનિમુનિ - જૈમિનિસુત્ર

6. ઉત્તરમીમાંસાદર્શન - બાદરાયણમુનિ - વેદાન્તસૂત્ર કે બ્રહ્મસૂત્ર (વેદાન્ત દર્શન)

આ છ દર્શનો વેદને પ્રમાણ માનતા હોવાથી આસ્તિક દર્શનો છે જ્યારે,

1. જૈનદર્શન - મહાવીરસ્વામી - ઉમાસ્વાતિનું તત્ત્વાર્થાધિગમસૂત્ર.

2. બૌદ્ધદર્શન - ભગવાનબુદ્ધ - ત્રિપિટક.

3. ચાર્વાકદર્શન - ચાર્વાકમુનિ અથવા જયરાશિકૃત તત્ત્વોપપ્લવસિંહ.(બ્રહ્મસ્પતિ)

આ ત્રણ દર્શનો વેદને પ્રમાણ ન માનતા હોવાથી નાસ્તિક દર્શનો ગણાય છે. આ દર્શનો ભારતીયોનાં જીવનમાં એવી રીતે વણાઈ ગયા છે કે, જાણ્યે - અજાણ્યે પ્રત્યેક વ્યકિત તત્ત્વજ્ઞાનની ચર્ચા કરતી જોવા મળે છે આધ્યાત્મ જીવન અંગેના ભારતીય સમાજના વિચારો આ બધાં દર્શનોની અસર હેઠળ જ વિકાસ પામ્યા છે. આ દર્શનો ને માનનજીવનથી અલગ પાડી શકાય તેમ નથી.

આસ્તિક દર્શનોમાં વેદાન્તદર્શન અત્યંત પ્રસિદ્ધ છે. વેદાન્તને અધ્યાત્મશાસ્ત્રમાં મુકુટમણિ માનવાંમાં આવે છે. વેદાન્ત એટલે ઉપનિષદો. વેદ + અન્ત = વેદાન્ત. 'અન્ત' શબ્દના મુખત્વે બે અર્થો કરીને, 'વેદાન્ત' શબ્દ 'ઉપનિષદ' નાં અર્થમાં સાર્થક બનાવાય છે (1) અન્ત એટલે છેડો, અંતિમ ભાગ. વેદ સાહિત્યમાં સંહિતા, બ્રાહ્મણગ્રન્થો, આરણ્યક અને ઉપનિષદ્. આમ ઉપનિષદ વેદ સાહિત્યનાં અન્તમાં આવતાં હોવાથી, તેમને 'વેદાન્ત' કહે છે (2) અન્ત એટલે સિદ્ધાંત, સાર કે નિષ્કર્ષ વેદનો નિષ્કર્ષ, ઉપનિષદોમાં હોવાથી તેમને વેદાન્ત કહેવાય છે. ડૉ. પોલ ડોયસન વેદાન્ત શબ્દને સમજાવતાં કહે છે કે ગુરુકુલમાં સંહિતા વગેરે ભણાવ્યા પછી, વેદના અભ્યાસના અંતે, શિષ્ય ગુરુકુલ છોડે તે પહેલાં,

રહસ્યવાળુ જે જ્ઞાન આચાર્ય શિષ્યને આપતા તેને 'વેદાન્ત' કહે છે. વૈદિક રહસ્યમય સિદ્ધાંન્તોનો નિષ્કર્ષ જેમાં રહેલો છે તે ઉપનિષદોનું જ્ઞાન પરમ્ જ્ઞાન છે. તેથી તે જ્ઞાનને સર્વશ્રેષ્ઠ જ્ઞાન કહે છે. સદીઓથી માનવ જાત માટે પ્રેરણા, શક્તિ અને શાંતિના સ્રોત રૂપ બનેલાં વેદન્તનાં મુખ્ય ત્રણ પ્રસ્થાન છે. ઉપનિષદ, ગીતા અને બ્રહ્મસૂત્ર. માટે આ ત્રણને 'પ્રસ્થાનત્રયી' કહે છે.

ઉપનિષદોનાં છૂટાછવાયા વિચારોને વ્યવસ્થિત કરીને, તે વિચારોના આંતરિક દેખાતા વિરોધને દૂર કરીને એક સુસંકલિત શાસ્ત્ર રજૂ કરવામાં આવ્યું જેને 'બહ્મસૂત્ર' કહે છે. ઉપનિષદ રૂપી વાક્યોને સૂત્ર રૂપી દોરામાં પરોવીને જે સંકલિત જ્ઞાન પ્રવર્તાવવામાં આવ્યું તે બ્રહ્મસૂત્ર છે. બાદરાયણે બ્રહ્મજ્ઞાનને વર્ણવવા અત્યંત સંક્ષિપ્ત સૂત્રોની રચના કરી છે. જેના અર્થઘટન .માટે અનેક આચાર્યોએ ભાષ્યોની રચના કરી છે. હાલ મળી આવતાં ભાષ્યોમાં સૌથી પ્રાચીન ભાષ્ય શંકરાચાર્યનું શારીરકભાષ્ય છે. તેમનાંથી પણ પ્રાચીન આચાર્યો તરીકે ઉપવર્ષ, બૌધાયન, ભારુચિ, દ્રમિડ, ટંક, વગેરેનાં નામોલ્લેખ મળે છે. પણ તેમના ભાષ્યગ્રન્થો ઉપલબ્ધ નથી. બ્રહ્મસૂત્ર પર લખાયેલાં ભાષ્યોમાંથી કેટલાંક પ્રસિદ્ધ ભાષ્યો આ પ્રમાણે છે.

1. શંકરાચાર્ય - ઈ.સ. 788 - 820 - શારીરકમીમાંસાભાષ્ય - કેવલાદ્વૈતવાદ
2. ભાષ્કરાચાર્ય - ઈ.સ. 1000 - ભાષ્કરભાષ્ય - ભેદાભેદવાદ
3. યાદવપ્રકાશાચાર્ય - ઈ.સ. 1000 - યાદવપ્રકાશભાષ્ય - ભેદાભેદવાદ.
4. રામાનુજાચાર્ય - ઈ.સ. 1017 - શ્રીભાષ્ય - વિશિષ્ટાદ્વૈતવાદ.
5. મધ્વાચાર્ય - ઈ.સ. 1238 - પૂર્ણપ્રજ્ઞભાષ્ય - દ્વૈતવાદ.
6. નિમ્બાર્કાચાર્ય - 13 મી સદીનો ઉત્તરાર્ધ - વેદાન્તપારિજાત - દ્વૈતાદ્વૈતવાદ.
7. શ્રીકણ્ઠાચાર્ય - ઈ.સ. 1270 - શૈવભાષ્ય - શૈવવિશિષ્ટાદ્વૈતવાદ

8. શ્રીપતિઆચાર્ય - ઈ.સ. 1400 - શ્રીપતિભાષ્ય - ભેદાભેદાત્મકવિશિષ્ટાદ્વૈતવાદ.

9. વલ્લભાચાર્ય - ઈ.સ. 1479 - 1544 - અણુભાષ્ય - શુદ્ધાદ્વૈતવાદ

10. શુક્રાચાર્ય - ઈ.સ. 1550 - શુક્રભાષ્ય - ભેદવાદ

11. વિજ્ઞાનભિક્ષુ - ઈ.સ. 1600 - વિજ્ઞાનભિક્ષુભાષ્ય - આત્મબ્રહ્મૈક્ય ભેદાભેદવાદ

12. બલદેવાચાર્ય - ઈ.સ. 1725 - બલદેવભાષ્ય -અચિન્ત્યભેદાભેદવાદ.

આ ભાષ્યકારોએ પોતપોતાનો મત બ્રહ્મસૂત્રોમાંથી તારવવા પ્રયત્ન કર્યો છે. તેમાં શ્રીરામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત મત પ્રશસ્ય માન્ય મત છે. શ્રીભાષ્યમાં શ્રીરામાનુજાચાર્યે પોતાના મતનું ખુબ વિસ્તારથી અને ઊંડાણપૂર્વક નિરૂપણ કરેલું છે.

વેદાન્તદીપમાં શ્રીરામાનુજાચાર્યે પૂર્વભૂમિકા બાંધતા પોતાના મતનું સંક્ષેપમાં નિરૂપણ કર્યુ છે. જે સંદર્ભે શંકરાચાર્ય, ભાષ્કરાચાર્ય અને યાદવપ્રકાશના મતમાં રહેલી વિસંગતતાઓ તરફ અંગૂલી નિર્દેશ કરીને બ્રહ્મસૂત્રકારને અભિપ્રેત મત રજૂ કર્યો છે. ગ્રન્થની શરૂઆતમાં તેઓ કહે છે કે ચેતન એવો જીવ અચેતન પદાર્થોનાં સ્વરૂપ, અને સ્વભાવથી અત્યંત વિલક્ષણ છે. ચેતન એવા જીવનાં બદ્ધ,મુક્ત અને નિત્ય એમ ત્રણ પ્રકારો છે અને પરમાત્મા ચિત્ અને અચિત્ એ બન્ને કરતાં વ્યાપક, ધારણ કરનાર, નિયમન કરનાર અને શેષી હોવાથી ચિત્ અને અચિત્થી અત્યંત વિલક્ષણ છે. આ રીતે ગ્રન્થનાં પ્રારંભમાં જીવ જગત અને ઈશ્વર વિષયક પોતાનો મત રજૂ કરીને શંકર, ભાષ્કર અને યાદવ પ્રકાશનો મત યથાર્થ નથી તેમ બતાવ્યું છે. પોતાનો મત માત્ર કલ્પના નથી પણ શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રાના આધાર પર રચાયેલો મજબૂત મત છે એમ બતાવ્યું છે. આ અંગે ભગવદ્ગીતામાં અધ્યાય 15 નાં ત્રણ શ્લોકો ઉદધૃત કરે છે. જેમાં ક્ષર - અક્ષર-પરમાત્મા એમ ત્રણ તત્ત્વોની રજૂઆત થઈ છે. ઈશ્વર ત્રણેલોકમાં વ્યાપ્ત થઈને ક્ષર - અક્ષર તત્ત્વોનું નિયમન કરે છે. આ ઉપરાંત

શ્વેતાશ્વતરોપનિષદમાં અને જીવાત્માના સ્વામી તરીકે પરમાત્માનો ઉપદેશ આપેલો છે, ત્યાં પણ ત્રણ તત્ત્વોનું નિરૂપણ થયેલું છે. એટલું જ નહીં પણ બ્રહ્મસૂત્રકાર પોતે પણ આ ત્રણ તત્ત્વોનું પ્રતિપાદન કરે છે नेतरोपपत्तेः (1-1-17.),भेदव्यपदेशात् (1-1-18), अनुपपत्तेस्तु न शारीर : (1-2-3), उभयेऽपि हि भेदेनैनमधीयते (1-2-21) વગેરે સૂત્રો વડે તત્વત્રયનું નિરૂપણ કર્યું છે. આ રીતે શ્રીરામાનુજાચાર્યનાં મતને પ્રસ્થાનત્રયીનું સંપૂર્ણ સમર્થન છે.

શ્રીરામાનુજાચાર્યના મતે ચિત્ અને અચિત્ એ ઈશ્વરના શરીર છે અને ઈશ્વર તેમનો આત્મા છે. આ ત્રણે તત્ત્વો વચ્ચેનો સંબંધ વિશિષ્ટ છે. સૃષ્ટિની ઉત્પતિ પહેલા ચિત્ અને અચિત્ તત્વો અત્યંત સૂક્ષ્મ સ્વરૂપે રહેલાં હોય છે એટલે એમનો વિભાગ દેખાતો નથી, જ્યારે સૃષ્ટિ ઉત્પત્તિ પછી ચિત્ અને અચિત્ તત્વો સ્થૂળ સ્વરૂપે વ્યક્ત થાય છે, એટલે એમનો વિભાગ દેખાય છે. પણ આ બન્ને અવસ્થામાં ઈશ્વર તેમનો નિયામક રહે છે. જગત ઉત્પત્તિ સંદર્ભે એવો ખ્યાલ છે કે સૂક્ષ્મ અવસ્થામાં રહેલ ચિત્ અચિત્થી વિશિષ્ટ એવું બ્રહ્મ કારણ છે અને સ્થૂલ અવસ્થામાં રહેલ ચિત્ અચિત્થી વિશિષ્ટ બ્રહ્મ કાર્ય છે. આ સમગ્ર સૃષ્ટીનું એકમાત્ર કારણ બ્રહ્મ છે. જેવી રીતે માટીમાંથી ઘટ, શરાવ વગેરેની ઉત્પત્તિ થાય છે તેમ બ્રહ્મમાંથી ચિત્ - અચિત્ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. જેમ ઘટ - શરાવ વગેરેનું માટીથી પૃથકત્ત્વ સિદ્ધ થાય છે તેમ સ્થૂલ અવસ્થામા ચિત્-અચિત્ તત્ત્વોનું બ્રહ્મથી પૃથકત્ત્વ સિદ્ધ થાય છે. તેથી તે મિથ્યા નથી પણ બ્રહ્મની જેમ સત્ છે. ઘટ-શરાવનાં કારણ તરીકે જેમ માટીનું જ્ઞાન થાય છે તેમ જગતનાં જડ અને ચેતન તત્ત્વોનાં નિયામક તરીકે ઈશ્વરનુ જ્ઞાન થાય છે અને બ્રહ્મ જ આ સમગ્ર બ્રહ્માંડનો ઉત્પાદક, નિયામક અને સંહારક છે તેમ સમજાય છે.

શ્રીરામાનુજાચાર્ય શંકરાચાર્યની જેમ અજ્ઞાન કે માયાથી આવૃત થયેલ બ્રહ્મ જ જીવ બને છે તે વાત સ્વીકારતા નથી. તેવી જ રીતે ભાષ્કારાચાર્ય કે યાદવપ્રકાશની જેમ ઊપાધિને કારણે બ્રહ્મ જીવ સ્વરૂપે વ્યક્ત થાય છે તે વાતને પણ સ્વીકારતાં નથી. કારણ કે શ્રુતિ,

સ્મૃતિ અને બ્રહ્મસૂત્રોનો તેમાં વિરોધ આવે છે. જીવ જગત અને ઈશ્વર વચ્ચે માયા કે ઊપાધિ ને કારણે ભેદ થતો નથી. ભગવદગીતામા ભગવાન કહે છે કે 'જ્ઞાનને કારણે મારા સાધર્મ્યને પામેલાં જીવો સૃષ્ટિકાલે જન્મતા નથી કે પ્રલય સમયે વ્યથા પામતા નથી.' અહીં જીવને મુક્તાવસ્થામાં બ્રહ્મનું સાધર્મ્ય પ્રાપ્ત થતુ હોવાનું કહ્યું છે. બ્રહ્મ બની જતો કહ્યું નથી. એટલે જીવ અને બ્રહ્મ બન્ને વસ્તુતઃ ભિન્ન છે. આ ભિન્નતા વિશિષ્ટ એ રીતે છે કે જીવ બ્રહ્મનો અંશ છે. શેષ છે તેથી બ્રહ્મ અંશી કે શેષી કહેવાય છે.

શંકરાચાર્ય 'માયા' નો અર્થ બ્રહ્મની શક્તિ કરે છે તેમ શ્રીરામાનુજાચાર્ય પણ 'માયા' ને ઈશ્વરની વાસ્તવિક સૃષ્ટિ રચવાની શક્તિના અર્થમાં લે છે, પણ શંકરાચાર્ય માયાને બ્રહ્મનું નિત્ય સ્વરૂપ માનતા નથી જ્યારે રામાનુજાચાર્ય માયાને ઈશ્વરની નિત્ય શક્તિ માને છે. બ્રહ્મની સત્યસંકલ્પ શક્તિ જ માયા છે. સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે ચિદચિદાત્મક પ્રપંચ સમગ્ર ભેદ રહિત હોવાથી તે સત્ શબ્દ દ્વારા વર્ણવ્યું છે અને જ્યારે બ્રહ્મને સૃષ્ટિ રચવાની ઈચ્છા થઈ ત્યારે તે જ સત્ શબ્દ વાચ્ય પરમ્બ્રહ્મ ચિદચિદાત્મક પ્રપંચરૂપે બહુ થાય છે. તેથી ઉત્પત્તિ પછી પણ બધાં જ તત્ત્વો સત્ રહે છે. શંકરાચાર્યની જેમ મિથ્યા રહેતા નથી. જેવી રીતે માટીના પિંડમાંથી ઉત્પન્ન થયેલ ઘટ-શરાવ વગેરે સત્ તત્ત્વ છે તેમ ચિદચિદાત્મક પ્રપંચ પણ સત્ છે. શંકરાચાર્ય જગતની ઉત્પત્તિ રજ્જુ-સર્પની જેમ વિવર્ત માને છે, જ્યાં રામાનુજાચાર્ય દૂધ-દહીંની જેમ પરિણામ માને છે. આ રીતે સૂક્ષ્મ એવા ચિત્ અને અચિત્ વસ્તુરૂપી શરીરવાળા પરમાત્મા જ એક કારણ છે. તે જ પરમાત્મા સ્થૂલ ચિત્ અને અચિત્ શરીર રૂપે કાર્ય પણ છે. આ રીતે કાર્યાવસ્થા અને કારણાવસ્થા તે બન્ને અવસ્થામાં ચિત્ અચિત્ પદાર્થો બ્રહ્મનું શરીર છે. તેથી બધા શબ્દો પરમાત્મા શબ્દનો જ બોધ કરાવે છે.

ભાષ્કરાચાર્ય એકમાત્ર બ્રહ્મને પરમતત્ત્વ માને છે. અને તે બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ છે. તેમના મતે કારણ બ્રહ્મમાં જ કાર્ય બ્રહ્મ રહેલું છે, અને જગતનું સ્વાભાવિક પરિણામ

છે. બ્રહ્મની અચિન્ત્ય શક્તિ વડે સૃષ્ટિ નિરંતર ચાલતી રહે છે. જીવ અને બ્રહ્મ સ્વભાવગત એક જ છે પણ તેમનો ભેદ ઉપાધીને લીધે છે. બ્રહ્મ પૂર્ણ સ્વત્રંત છે જયારે જીવને મર્યાદિત સ્વાતંત્ર્ય છે. કાર્ય-કારણ વચ્ચે સમાન સત્તા છે. જેથી જીવ સાથે બ્રહ્મનો ભેદ તેમજ અભેદ સંબંધ છે. 'જીવ' ની ઉપાધિ નષ્ટ થતાં તે બ્રહ્મમાં ભળી જાય છે. જેવી રીતે ઘટનો નાશ થવાથી ઘટાકાશ મહાકાશમાં ભળી જાય છે તેમ.

શ્રીરામાનુજાચાર્ય ઉપાધિનો સ્વીકાર કરતાં નથી તેમના મતે સૂક્ષ્માવસ્થામાં જીવના કર્મોનો પ્રવાહ હોતો નથી. અર્થાત્ તેથી તેનો વિભાગ દેખાતો નથી. વસ્તુતઃ આ અવસ્થામાં નામ - રૂપનો વિભાગ સ્પષ્ટ થતો નથી માટે તેને એક સત્ સ્વરૂપે કહેલું છે, પણ ભગવદગીતામાં જીવ અને પરમાત્માનો સ્પષ્ટ ભેદ બતાવેલો છે. સૃષ્ટિ ઉત્પત્તિ પહેલાં જીવો ન હતાં તેનું તાત્પર્ય એ છે કે જીવો તથા તેમણે કહેલાં કર્મોનો પ્રવાહ અનાદિ છે તે અવ્યક્ત છે કર્મને કારણે જીવને ઉપાધિ પ્રાપ્ત થતી નથી, પણ તેના કારણે જીવની સ્વતંત્રતા રહેતી નથી.

આ રીતે શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રોમાં જે તત્ત્વોનું નિરૂપણ કર્યુ છે તેમાં એક જ સિદ્ધાંત છે કે સ્થૂળ ચિત્ અચિત્ વસ્તુવિશિષ્ટ બ્રહ્મ જ કાર્યરૂપ જગત છે, અને નામ-રૂપના વિભાગને અયોગ્ય એવું સૂક્ષ્મ ચિત્-અચિત્ વસ્તુવિશિષ્ટ બ્રહ્મને જ જગતનુ કારણ માનવું જોઈએ. તે અંગે યોગ્ય ચિંતન થવું જોઈએ. આ બધાં સિદ્ધાંન્તોનું નિરૂપણ ગ્રન્થના અધ્યયનમાં યથા સ્થાને કરવામાં આવ્યું જ છે.

● ● ●